ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

## હા... સાહેબ !

"હવે તો માનવું જ પડશે ને..?"

"શાની વાત કરો છો..?! કંઈ સમજાય એવી વાત કરો..!"

"તમેય સાહેબ ખરૂ કરો છો હોં..! જાણે કશું જાણતા જ નથી..! સાંભળ્યું તમે તમારા કિસાન સંઘે જ કહ્યું કે જીએસટી અને નોટબંધીથી ખેડૂતો પાયમાલ થઈ રહ્યાં છે..!"

"એમ..! શું કહી નાખ્યું..?!"

"એમ કહ્યું કે, 'માત્ર ઉદ્યોગોની જ ચિંતા કરશો તો, ચૂંટણીમાં પાઠ શીખવા મળશે... અને એમણે ખુલ્લેઆમ કહ્યું કે નોટબંધી અને જીએસટીના કારણે ખેડૂતોને પારાવાર નુકશાન થયું છે..! ટેકાના ભાવ સક્ષમ નહિ મળે તો ખેડૂતો ચૂંટણીમાં સણસણતો જવાબ આપશે..!"

"ઓ હો હો... આમાં નવું શું થયું..! ચૂંટણી આવે એટલે બધા મોરચા-રેલીઓ-ધરણા અને ધમકીઓ શરૂ થઈ જ જાય છે... જેટલું મળ્યું એટલું ખરૂ..! વકરો એટલો નફો જ છે ને..?!"

"એ તો સમજ્યા... પણ ભારતીય કિસાન સંઘ ભાજપની ભગીની સંસ્થા છે... એ તો તમારી જાણમાં છે ને?! કે એમાંય કંઈક નવું નાટક છે..!"

"ખરા છો તમેય..! તમને બધે નાટક જ દેખાય છે..!"

"સાહેબ અમે તો ચાર-ચાર ચૂંટણીઓથી જોઈએ છીએ... ચૂંટણીઓ આવે એટલે અન્ય સંગઠનો જશ ના લઈ જાય એટલા માટે તમારા જ સંગઠનો પ્રશ્નો ઉઠાવે.... બે ચાર દિવસ હોબાળા થાય... આંદોલનના રણશિંગા ફુંકાય અને છેલ્લે સમાધાન થાય અને જય જયકાર થાય... આને નાટક જ કહેવાય ને..?!"

"તમને મોતિયો આયો છે એટલે બધે આવું જ દેખાય... આ પ્રક્રિયા છે... સભ્યોનો અવાજ રજુ કરવો એ સંગઠનનો ધર્મ છે... અને સંગઠન સરકાર સાથે વાત કરી સમસ્યાનો ઉકેલ લાવે એ સરકારનો ધર્મ છે... એમાં તમને વાંધા શેનો પડે છે..?!"

"વાંધા નથી સાહેબ વાંધા નથી... આ તો સીધીને સાદી વાત કરીએ છીએ ને એટલે ચટી જાય છે..! મતના કોથળા ભરવા છે કોથળા..! એટલે તમે આવા નિવેદનો કરાવો છો..!! બાકી અમારા મનમોહનસિંઘે આઠ મહિના પહેલા કહ્યુ હતું કે નોટબંધીથી જીડીપી નીચો જશે - નીચો જશે... નીચો જશે..!! તોય તમારા કોલાહલ કરવાના સ્વભાવમાં એક અર્થશાસ્ત્રીની વાત પણ તમે ધ્યાનમાં ન લીધી..! ભોગવો એના પરિણામો..!!"

"એટલે શું પરિણામો આવવાના..?! જુઓ તો ખરા અમારો વિકાસ..."

"... એ તો ગાંડો થયો..!! રઘવાયો થયો..!! હવે શું જોવાનું..?! સાહેબ ધરતી પર પગ રાખીને વાત કરોને... તો મનાયે ખરૂ..!! તમે તો હવામાં ઉડાવો છો..!!"

"હવાની વાત નથી... તમે પણ.!!"

"શું અમે પણ..?! જે દેખાય છે... જે અનુભવાય છે એની વાત કરીએ છીએ..!! તમે હવામાં તાજમહેલ રચો એટલે અમારે માની લેવાનું..?! મેટ્રોના ઠેકાણા નથી અને બુલેટના સ્વપ્ના બતાવો છો..!! પછી પ્રજા કેજ ને કે મારા છે તરી ગયા..!!"

● અનુસંધાન પાન-૭ પર



રંગે રમે આનંદે રમે... - નવરાત્રીના પાવન પર્વના મંગલાચરણે જ ખેલૈયાઓએ જમાવટ કરી દીધી હતી... શહેરના વાતાવરણમાં એક નવોજ ઉમંગ અને ઉલ્લાસ છલકાયો હતો... એક વર્ષથી નવરાત્રીની રાહ જોતા યુવાનો પહેલા જ નોરતે ઉમળકાથી રાસ-ગરબા રમ્યા હતા... નવરાત્રીમાં જ ગાંધીનગર ખીલે છે અને ખુલે છે... ઉમંગ અને ઉલ્લાસપૂર્વક ખેલૈયાઓ અવનવા સ્ટેપ્સ સાથે ગરબે રમતા ખેલૈયાઓને નિહાળવાનો પણ અનોખો લ્હાવો હોય છે... પહેલા નોરતાથી ગાંધીનગર ગરબાના રંગે રંગાઈ ગયું હતું....

# જિલ્લામાં ખરીફના વાવેતર વિસ્તારમાં ૪ હજાર હેક્ટરનો ઘટાડો નોંધાયો

### કઠોળના પાકમાં નોંધનીય ઘટાડો નોંધાયો : કપાસ-દિવેલામાં નહિવત વધારો વાવેતરમાં જણાયો : શાકભાજીના વાવેતરમાં ગાંધીનગર મોખરે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લામાં ખરીફ ઋતુનુ વાવેતર ગયા વર્ષની તુલનામાં ૪ હજાર હેક્ટર જેટલો ઘટાડો થવા પામ્યો છે. આ વર્ષે સતત વરસાદ અને વાદળછાયુ વાતાવરણ વધુ દિવસો સુધી રહેતાં વાવેતર વિસ્તારમાં ઘટાડો થયાનું મનાઈ રહ્યું છે.

જિલ્લામાં આ વર્ષે કઠોળ પાકોના વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો છે. જેમાં મગ, મઠ, અડદના પાકોનો સમાવેશ થાય છે. જો કે આ વર્ષે મકાઈના પાકનું વાવેતર થવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે દિવેલા, કપાસ અને શાકભાજી તેમજ પિયત ડાંગરના પાકમાં સરેરાશ વાવેતર જળવાઈ રહ્યુ છે. બાજરીના પાકમાં પણ ૫૦૦ હેક્ટર જેટલો ઘટાડો જોવા મળ્યો છે તે ચિંતાજનક કહી શકાય તેમ મનાઈ રહ્યુ છે.

જિલ્લામાં ખેતીવાડી વિભાગ દ્વારા વાવણી અંગેના તૈયાર કરાયેલ અહેવાલમાં જણાવ્યા પ્રમાણે જિલ્લામાં ખરીફઋતુનુ વાવેતર ૧,૩૫,૬૦૪ હેક્ટરમાં થયુ છે.

સૌથી વધુ વાવેતર દહેગામ તાલુકામાં ૪૧,૮૦૨ હેક્ટરમાં આ પછી કલોલ તાલુકામાં ૩૪૯,૪૭ હેક્ટરમાં અને ગાંધીનગરમાં ૩૦૯૩૨ હેક્ટર વિસ્તારમાં તો માણસામાં ૨૭,૯૨૩ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે.

શાકભાજીના પાકોનુ વાવેતર ૪૧૯૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર સાથે ગાંધીનગર તાલુકો મોખરે છે. આ પછી દહેગામમાં ૩૯૦૨ હેક્ટરમાં, કલોલમાં ૧૧૨૩ હેક્ટરમાં અને માણસામાં ૨૬૨૯ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે.

જિલ્લામાં પશુપાલન પણ મહત્વનું ક્ષેત્ર હોવાથી ૪૫,૨૦૯ હેક્ટર વિસ્તારમાં ઘાસચારાનું વાવેતર થયું છે. જિલ્લામાં કપાસનું વાવેતર ૨૩,૭૦૨ હેક્ટર નોંધાયુ છે જે ગત વર્ષની તુલનામાં એક હજાર હેક્ટર જેટલુ વધારે છે. જો કે નોંધપાત્ર વધારો મગફળીના પાકના વાવેતરમાં જોવા મળ્યો છે જે એક હજાર હેક્ટર કરતાં વધુનો વધારો દર્શાવે છે. આ વર્ષે ૫૦૬૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. દિવેલામાં પણ થોડાક વધારો જોવા મળ્યો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સ્થાયી સમિતિએ વિવિધ વિકાસકામોને મંજૂરી આપી

### ખુરશી પર સિમ્બોલ એમ્બોસ કરવા માટે રૂ. ૧ લાખનો ખર્ચ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ખરીદવામાં આવનાર પ્લાસ્ટીકની ખુરશીઓ પર જીએમસી લોગો એમ્બોર્સ કરવા માટે રૂ. ૧ લાખનો ખર્ચ કરશે. આજે મહાનગરપાલિકાની મળેલ સ્થાયી સમિતિમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત શહેરના ધાર્મિક સ્થાનોમાં શેડ બનાવી આપવાની કામગીરી કાઉન્સીલરના વિસ્તાર વિકાસના કામોમાં સમાવેશ કરવાની દરખાસ્તને મંજૂરી આપી તેને સામાન્ય સભામાં મંજૂરી માટે રજુ કરવા ભલામણ કરવામાં આવી છે.

સ્થાયી સમિતિએ આજે ગોકુળપુરા અને ફતેપુરામાં આરસીસીના રોડ બનાવવા માટેના ટેન્ડરને પણ મંજૂરી આપી છે. આજની આ બેઠકમાં ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરી માટે નવુ ટેન્ડર મંજૂર ના થાય ત્યાં સુધી વર્તમાન એજન્સી પાવરલાઈનની મુદત વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત આ માટેના નવા ટેન્ડરની શરતોમાં દર વર્ષે ૫ ટકા ભાવ વધારો આપવાનું તથા કોમ્પેક્ટરનું ભાડુ દર મહિને રૂ. ૨૫૦૦૦ લેવાનુ છે તેનો સમાવેશ કરવા પણ કમિશનરને સૂચના આપવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાએ સરઢવ તેમજ આલમપુરમાં એલ ઈ ડી લાઈટનુ કામ શરૂ કરાયુ

### ગુડા વિસ્તારના ગામોમાં ૨ કરોડના ખર્ચે એલઇડી લાઇટ નંખાશે




ગાંધીનગર તા ૨૨

ગુડા વિસ્તારના ગામોમાં રૂ ૨ કરોડના ખર્ચે એલ ઈ ડી લાઈટ નાંખવામાં આવશે. જયારે શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે આલમપુર તેમજ સરઢવ ગામમાં એલ ઈ ડી લાઈટ નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અગાઉ વાવોલમાં પણ ગુડા દ્વારા એલ ઈ ડી લાઈટના કામનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારના ગામોમાં એલ ઈ ડી લાઈટ નાંખવાની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી હતી. જેમાં આજે ગુડાના ચેરમેન આશિષ દવેના હસ્તે આલમપુર તેમજ સરઢવમાં કુલ ૫૫૦ નંગ એલ ઈ ડી લાઈટ નાંખવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ તબક્કે વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર જિલ્લા ભાજપના મહામંત્રી આઈ બી વાઘેલા તેમજ તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ સહીતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. ગુડા દ્વારા પીંપળજ ગામમાં પણ ૨૦૦ નંગ એલ ઈ ડી લાઈટ નાંખવાના કામનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. જયારે આ કામગીરી પણ ટુંકાગાળામાં પુર્ણ કરવામાં આવી હતી. વધુમાં એલ ઈ ડી લાઈટના કામોના પ્રારંભ સાથે આજે સાંજે વાસણા હડમતિયામાં પણ રૂ ૩૧ લાખના ખર્ચે એલ ઈ ડી લાઈટના કામનુ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ.

# સે-૨૮ જીઆઈડીસી વિસ્તારમાં આજથી બિસ્માર માર્ગો સુધારણાનું કામ હાથ ધરાશે

### લાંબા સમયના અંતે માર્ગ સુધારણા માટે અંદાજિત રૂ ૧.૪૦ કરોડનો ખર્ચ થશે

ગાંધીનગર તા ૨૨

શહેરમાં ચોમાસાના અંતે માર્ગોની સુધારણાનુ કામ ટુંકમાં શરૂ કરી દેવાશે. જયારે શહેરમાં સે-૨૮ સ્થિત જી આઈ ડી સી વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગો બિસ્માર હાલતમાં છે. ત્યારે રૂ ૧.૪૦ કરોડના ખર્ચે માર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જી આઈ ડી સી વિસ્તારમાં માર્ગોના ગાબડા પુરવા માટે આજથી કામ શરૂ કરી દેવાશે. લાંબા સમયના અંતે સ્થાનિકોની માંગણીનો અંત આવશે.

શહેરમાં મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગોની દશા પણ ખરાબ છે. ત્યારે શહેરના માર્ગોની સુધારણા માટે માર્ગ મકાન વિભાગ તેમજ કોર્પોરેશન કક્ષાએથી ખર્ચને મંજુરી આપી દેવાઈ છે. જયારે સેકટરોના માર્ગાની સુધારણા માટે ટેન્ડર પ્રક્રીયાના અંતે હવે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે. બીજીતરફ સેકટરોના આંતરિક માર્ગોની સાથે શહેરની જી આઈ ડી સી માં પણ લાંબા સમયથી રોડનેટવર્ક બિસ્માર હાલતમાં છે. લેવલીંગના અભાવ વચ્ચે માર્ગો જાણે અદ્રશ્ય થઈ ગયા હોય તેવી સ્થિતિ છે. આ ઉપરાંત આ વિસ્તારમાં મોટામસ ગાબડા હોવાના લીધે વરસાદી પાણીના ભરવા વચ્ચે માર્ગોનુ સંપુર્ણ ધોવાણ પણ થયુ છે. જયારે આ સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા જરૂરી ઠેકાણે માર્ગોનુ રીસરફેસીંગ તેમજ વાઈડનીંગ પણ કરવામાં આવશે. શહેરમાં જી આઈ ડી સી વિસ્તારમાં માર્ગોની દશા લાંબા સમયથી ખરાબ છે. ત્યારે સ્થાનિકોમાં આ માર્ગોની દશા સુધારવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી. જેને અનુલક્ષી તંત્ર દ્વારા જી આઈ ડી સી વિસ્તારમાં માર્ગોનુ કામ હાથ ધરવા માટે અગાઉ દરખાસ્ત કરવામાં આવી હતી જયારે કામને મંજુરી આપી દેવાયા બાદ હવે વરસાદી દિવસોના અંતે આ વિસ્તારમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે. સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી માર્ગો પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે કેટલાક ઠેકાણેથી માર્ગ સાંકડો હોવાના લીધે અંદાજીત એક કી મી વિસ્તારમાં માર્ગના વાઈડનીંગનુ કામ પણ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. સે-૨૮ જી આઈ ડી સી વિસ્તારમાં શનિવારથી માર્ગ સુધારણાનુ કામ હાથ ધરાશે.

# નબળા પ્રતિસાદ વચ્ચે સેવાસેતુનો ત્રીજો તબક્કો શહેરમાં સંપન્ન થયો

### વોર્ડ ૭ અને ૮માં ૧૭૦૦થી વધુ અરજદારો : ઉકાળા વિતરણ અને આરોગ્યના કેમ્પમાં વધુ લોકો જોડાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગરપાલિકાના ત્રીજા રાઉન્ડના ત્રીજા તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં લોકોનો પ્રતિસાદ પ્રમાણમાં નબળો રહેવા પામ્યો છે.



અંતિમ તબક્કાનો વોર્ડ નં. ૭ અને ૮નો સેવાસેતુ કાર્યક્રમ આજે સે. ૬ના સંત રોહિતદાસ મંદિર ખાતે યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૭૦૦ જેટલા લોકોએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો.

આજે યોજાયેલ સેવાસેતુના આ કાર્યક્રમમાં આયુર્વેદિક ઉકાળા તેમજ આરોગ્ય સેવાઓનો લાભ લેવા મોટી સંખ્યામાં જોડાયા હતા. જો કે અન્ય સેવાઓનો લાભ બહુ ઓછા અરજદારોએ લીધો હતો.

આજના આ કાર્યક્રમમાં મેયર પ્રવિણભાઈ પટેલ, મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી, સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ ઉપરાંત કાઉન્સીલરો પાયલબેન મેણાત, ઉર્મિલાબેન વોરા, પ્રવિણાબેન દરજી, પ્રવિણાબેન વોરા, કાર્તિક પટેલ, નાઝાભાઈ ધાંધર, ધીરૂભાઈ ડોડિયા ઉપરાંત શહેર ભાજપના ગીતાબેન પટેલ સહિતના અગ્રણીઓ જોડાયા હતા.

આ કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડાયાબીટીસ અને બ્લડ પ્રેસરની સ્કીનીંગ પણ રાખવામાં આવેલ જેમાં કુલ ૪૫૭ લાભાર્થીઓએ લાભ લીધેલ. આ કાર્યક્રમમાં આધાર કેમ્પની પણ વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં ૫૬ લોકોએ આધાર

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩માં આગામી દશેરાથી માર્ગ સુધારણાનુ કામ શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૨

શહેરમાં છેલ્લા બે વર્ષથી બિસ્માર હાલતમાં જોવા મળતા ખંડેર માર્ગોની દશા સુધારવા માટે ટુંકમાં કામ શરૂ થશે. જયારે માર્ગ સુધારણાની કામગીરી પુર્વે સેકટર -૧ અને ૨ માં તંત્ર દ્વારા માર્ગોની એકબાજુ માટી પાથરી લેવલીંગનુ કામ હાથ ધરાયુ છે. સે-૩ માં પણ માર્ગોની હાલત અત્યંત ખરાબ છે.ત્યારે આગામી દશેરાથી સેકટરમાં માર્ગોના રીસરફેસીંગનુ કામ શરૂ કરી દેવાશે.

શહેરમાં મુખ્ય માર્ગો સહીત સેકટરોના આંતરિક માર્ગોની દશા ખરબ છે. સેકટરોમાં આંતરિક માર્ગોનુ કામ પાંચ વર્ષથી વધુ સમય પુર્વે હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે લાંબા સમયના અંતે માર્ગોનુ ધોવાણ થવાના લીધે હાલ સેકટરોના આંતરિક વિસ્તારમાં કેટલાક ઠેકાણે રસ્તાઓનુ અસ્તિત્વ શોધવુ પડે તેવી સ્થિતિ છે. બીજીતરફ સેકટરોના આંતરિક વિસ્તારમાં રહીશો દ્વારા કોર્પોરેશનની મદદથી આડેધડ પેવર બ્લોકનુ કામ કરવામાં આવ્યુ છે. જેના લીધે ચોમાસા દરમિયાન નિચાણવાળા વિસ્તારમાં ધકેલાયેલા માર્ગો પર વરસાદી પાણી ફરી વળે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં માર્ગોના અસ્તિત્વ સામે આમ પણ ખતરો મંડરાયો છે.

ત્યારે માર્ગ સુધારણાની કામગીરી પુર્વે સેકટરોના આંતરિક વિસ્તારમાં લેવલીંગ કરી માર્ગો નીચાણમાંથી બહાર આવે તે મુજબનુ કામ હાથ ધરવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. નહીંતર સેકટરોમાં કરોડોના ખર્ચે માર્ગ નિર્માણની કામગીરી પર ફરી એકવાર પાણી ફરી વળે તેવી દહેશત છે. આવા સંજોગોમાં માર્ગ મકાન વિભાગ દ્વારા યોગ્ય તકેદારી રાખી કામગીરી કરવામાં આવે તેવી પણ માંગણી ઉઠવા પામી છે. હાલ નવા સેકટરોમાં માર્ગ નવિનીકરણની કામગીરીને અનુલક્ષી માટી પુરાણ કરવામાં આવી રહયુ છે. જયારે ટુંકમાં માર્ગ સુધારણાનુ કામ પણ શરૂ કરી દેવાશે. નવા સેકટરોમાં સે-૩ માં પણ માર્ગોની હાલત અત્યંત કંગાળ છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com